## ગાંધીનગરને ક્લિનસીટી બનાવવા આજે સ્વૈચ્છિક બેઠક

### રાજ્યના મુખ્ય સચિવ પાંડીયનની ઉપસ્થિતિમાં નગરના પ્રબુદ્ધ નાગરિકો સાથે બેઠકનું આયોજન

ગાંધીનગર, તા. ૯

સ્વચ્છ ગાંધીનગરના અભિયાન અન્વયે આજે સાંજે ૪.૩૦ કલાકે ઈન્ફોસીટી કલબ એન્ડ રીસોર્ટ ખાતે એક બેઠક યોજવામાં આવશે. રાજ્યના મુખ્ય સચિવ ડી.જે. પાંડીયનની ઉપસ્થિતિમાં સ્વચ્છતાના મામલે જનજાગૃતિ કેળવાય તેમજ પ્રત્યક્ષ નાગરિક સ્વચ્છ ગાંધીનરના નિર્માણમાં પોતાનું યોગદાન આપે તેવા આશયથી આ બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે સમગ્ર રાજ્યમાં સ્વચ્છતા માટે જાગૃતિ આવે તે અત્યંત જરૂરી છે. સ્વચ્છતા અભિયાનની સફળતા ત્યારે જ શક્ય બને જ્યારે પ્રત્યેક વ્યક્તિ સ્વચ્છતાને આદત બનાવવા પોતાનો સ્વભાવ કેળવે જેને અનુલક્ષી સ્વચ્છ ગાંધીનગર અભિયાન અન્વયે સમાજ વધુ સજાગ થાય છે તે અનિવાર્ય બન્યું છે. રળિયામણું અને હરિયાળુ ગાંધીનગર સ્વચ્છતામાં પણ આગવી ઓળખ ઉભી કરે તે માટે સમાજના પ્રત્યેક નાગરિકનું યોગદાન જરૂરી છે. સ્વચ્છતા ઝુંબેશને લઈ નગરમાં જાગૃતિ કેળવાય અને પ્રત્યેક નાગરિક નગરને સ્વચ્છ બનાવવાના અભિયાનમાં જોડાય તેવા આશય સાથે ૧૦ ડિસેમ્બરના રોજ સાંજે એક મહત્વની બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠકમાં વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ, નગરના અગ્રણીઓ હાજરી આપશે. રાજ્યના મુખ્ય સચિવ જી.જે. પાંડીયન પણ આ બેઠકમાં ઉપસ્થિત રહી માર્ગદર્શન પુરૂ પાડશે.

## ૧૨મીએ જિલ્લા શિક્ષણની દશા અને દિશા પર શિક્ષણમંત્રીની ઉપસ્થિતિમાં ચિંતન

### ગ્રામભારતી અને ગાંધીનગર ખાતે બે તબક્કામાં શિક્ષણ પર બેઠકોનો દોર ચાલશે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાં શિક્ષણની દિશા અને દશા પર રાજ્યકક્ષાના શિક્ષણમંત્રી શ્રી નાનુભાઈ વાનાણીના અધ્યક્ષપદે એક ચિંતન શિબિર ૧૨મીએ યોજવામાં આવી છે.

શિક્ષણ વિભાગ દ્વારા આ માટે પાંચ જેટલા ગ્રુપો બનાવવામાં આવ્યા છે. આ ચિંતન શિબિરમાં રાજ્યમંત્રી શિક્ષણ વિભાગના નિવૃત્ત અધિકારીઓ અને શિક્ષણવિદો તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓના શિક્ષણક્ષેત્રે કામ કરતા પ્રતિનિધિઓ સાથે ખાસ પોણો કલાક બેઠક કરનાર છે.

રાજ્ય શિક્ષણ મંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને યોજાનારી ચિંતન બેઠક પણ બે ભાગમાં યોજાવાની છે. પ્રથમ

● અનુસંધાન પાન-૭ પર

બેસણું



અમારા પ.પૂજ્ય પિતાશ્રી પરમાર વસંતલાલ અમથારામ(બાળ સાહિત્યકાર) ગામ:વાસન મહાદેવ તા.૫-૧૨-૨૦૧૪, શુક્રવારના રોજ દેવલોક પામ્યા છે. સદ્‌ગતનું બેસણું તા.૧૧-૧૨-૨૦૧૪ને ગુરૂવારના રોજ સવારે ૮ થી ૧૨ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : બ્લોકનં. ૩૧૨, ગાયત્રી સોસાયટી, અંબાજી માતાનો ચોક, સેક્ટર-૨૭, ગાંધીનગર.

મહેન્દ્રભાઈ વસંતલાલ પરમાર (પુત્ર) અશોકકુમાર વસંતલાલ પરમાર (બકાભાઈ) (પુત્ર)
રાજેન્દ્રભાઈ વસંતલાલ પરમાર (પુત્ર) આશિષ, પલ્કેશ, વિરાટ, વિરાગ, પૃથ્વીલ (પૌત્રો)

## કુપન કોડ બતાવોને ઓવરલોડેડ વાહન લઈને બિન્દાસ્ત ફરો..!

# પોલીસના ટોકન કુપન હપ્તા રેકેટનો પર્દાફાશ

### એન્ટી કરપ્શન બ્યુરોની ટીમે છટકુ ગોઠવીને શટલીયા તથા ઓવર લોડેડ ટ્રક-ડમ્પરના ચાલકો પાસેથી ટોકન કુપન આપી હપ્તા લેતા બે પોલીસ કર્મીઓને રંગેહાથ પીસીઆર વાન સાથે ઝડપ્યા : એક એસઆરપી જવાન ચ-૦ થી લાંચ લેતા પકડાયો : રેકેટનો રેલો ઉપર જાય તેવી શક્યતા



(તસવીર : વિપુલ ચૌહાણ)

### ઘણાં જિલ્લાઓમાં આ રેકેટ ચાલતુ હોવાની શંકા

ભારે વાહન લઈને ફરતા કેટલાક વાહનચાલકો પાસેથી જે ટોકન કુપનો એસીબીને મળી છે તે અલગ અલગ કોડ વાળી છે. ૨૦થી ૨૫ જેટલી મળેલી કુપનો પૈકી ગાંધીનગરના પોલીસે આપેલી કુપનમાં '૧૨'નો આંકડો તથા દોડતા ઘોડાનું ચિત્ર દોરેલુ છે. તે સિવાયની પણ ઘણી કુપનો મળી આવેલી હોવાથી ગાંધીનગર બહારના અન્ય જિલ્લાઓમાં પણ આ પ્રમાણે પદ્ધતિસરનું રેકેટ ચાલતુ હોવાની શક્યતા નકારી શકાય નહી તે દિશામાં પણ એસીબીએ તપાસ શરૂ કરી છે.

ગાંધીનગર, તા. ૯

શટલીયા જીપો, ઓવર લોડેડ ટ્રકો તથા ડમ્પરોએ જો બે રોકટોક હાઈવે પર ફરવુ હોય તો પોલીસે કોડવર્ડ માટે તૈયાર કરેલી ટૉકન કુપન બતાવવી પડે...! આ ટોકન કુપન કોર્ડ વર્ડ દર મહિને બદલાય અને તે મેળવવા દર મહિને હપ્તો ચુકવવો પડે...! આવી ફરીયાદો ઉઠતા એન્ટી કરપ્શન બ્યુરોની ટીમે આજે વહેલી સવારે છટકુ ગોઠવીને હાઈવે પર પીસીઆર વાન ઉભી રાખી કુપન પકડાવીને હપ્તો વસુલતા બે પોલીસ કર્મીઓને રંગે હાથ ઝડપી લીધા છે.



તો બીજી તરફ એક એસઆરપી જવાનને પ્રતિબંધિત વિસ્તારમાં એન્ટ્રી બદલ રૂ. ૨૦૦ની લાંચ લેતા ચ-૦ સર્કલથી દબોચી લેવામાં આવ્યો છે. આ 'ટોકન કુપન' હપ્તા રેકેટનો એસીબીએ પર્દાફાશ કરી તેના મુળ સુધી પહોંચવા તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. એસીબી સુત્રોના જણાવ્યા મુજબ આ હપ્તા રેકેટનો રેલો ઉપર સુધી જાય તેવી પણ શક્યતા છે.

ગાંધીનગરમાં હાઈવે ટ્રાફીક, જિલ્લા ટ્રાફીક અને અન્ય પોલીસ દ્વારા વાહન ચેકીંગના બસને તથા એન્ટ્રી ફી ના નામે ટોકન કુપન આપીને ઉઘરાણા કરવામાં આવે છે. ટોકન કુપનમાં જુદા જુદા ડિઝાઈન, આંકડાઓ તથા ચિન્હોના માર્ક કરી કોડવર્ડ રાખી હપ્તા વસુલવામાં આવે છે. તેવા આક્ષેપો યુક્ત સંખ્યાબંધ અરજીઓ એસીબીની વડી કચેરીમાં પહોંચી હતી. જેને પકડી આજે એસીબીની ટીમો દ્વારા વહેલી સવારે ડીકોયનું આયોજન કરવામાં આવ્યું હતું. ચિલોડાથી નરોડા તરફ જવાના માર્ગ પર ચિલોડા પોલીસ સ્ટેશનની પીસીઆર વાનના ડ્રાઈવર ભરત ગોપાલભાઈ ચૌધરી અને

● અનુ. પાન-૭ પર

### ટોકન કુપનો બનાવવા જનાર કેમેરામાં કેદ...!

હપ્તા સિસ્ટમ માટે ચાલતી ટોકન કુપનમાં અન્ય પોલીસ કર્મચારીઓની પણ સંડોવણી બહાર આવે તેવી શક્યતા ઉપરાંત રેલો ઉપર સુધી જાય તેવી આશંકા એસીબી સેવી રહી છે. આ ટોકન કુપનો બનાવવા કલર લેબમાં જનાર વ્યક્તિ સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયેલી હોવાનું જાણવા મળ્યું છે. કુપનો જ્યા બનાવાતી હતી તે ગાંધીનગરની જ એક મોટી કલર લેબ તથા ઝેરોક્ષ સેન્ટર હોવાનું કુપનોના કવરને આધારે જાણવા મળ્યું છે. જે લેબનું નામ કવર પર છે ત્યાં સીસીટીવી કેમેરા લાગેલા છે અને કેમેરામાં કુપન બનાવવા જનાર કેદ થઈ ગયો હોવાની ફુટેજ લઈને તપાસ શરૂ કરવામાં આવી છે.

# વાઈબ્રન્ટ દરમિયાન નગર રોશનીથી ઝળહળશે

### સચિવાલય, ઉદ્યોગભવન, વિધાનસભા, મહાત્મા મંદિર અને સ્વર્ણિમ પાર્ક સહીત વિવિધ માર્ગો રોશનીથી જગમગશે : દિવાળી જેવો માહોલ જોવા મળશે

ગાંધીનગર, તા. ૯

આગામી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી નગરને નવા રૂપરંગથી સજાવવામાં આવી રહ્યું છે. જ્યારે વાઈબ્રન્ટ સમિટ દરમિયાન નગરમાં રંગબેરંગી રોશનીનો જગમગાટ જોવા મળશે. સચિવાલય, વિધાનસભા અને ઉદ્યોગભવન સહીતના બિલ્ડીંગો રોશનીથી જળહળાટથી નિખરશે. આ ઉપરાંત નગરના માર્ગો ઉપર પણ વિશેષ અજવાળુ પથરાશે.

જાન્યુઆરી મહિનામાં યોજાનારી વાઈબ્રન્ટ સમિટ તેમજ ભારતીય પ્રવાસી દિવસની ઉજવણીના અનુસંધાને દેશ-વિદેશના મહાનુભાવો ગાંધીનગરના મહેમાન બનવાના છે. જ્યારે વી.વી.આઈ.પી. મહાનુભાવોની સ્વાગત માટે સમગ્ર તંત્ર અત્યારથી જ તૈયારીમાં લાગી ગયું છે. શહેરમાં સ્વચ્છતા અભિયાન ઉપરાંત દબાણ હટાવ ઝુંબેશ તેમજ બ્યુટીફીકેશનના કામો હાથ ધરવામાં આવ્યા છે. સમગ્ર શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવા ટીમો કામે લાગી છે. જ્યારે વાઈબ્રન્ટ સમિટના દિવસોમાં રાત્રીની રોનક પણ વિશેષરૂપે નિખરે તેવા આશયથી શહેરના બિલ્ડીંગો તેમજ માર્ગોને રંગબેરંગી રોશનીથી ઝળહળતા કરવામાં આવશે. જગમગતી રોશનીના લીધે નગરમાં દિવાળી જેવો માહોલ જોવા મળશે. સચિવાલય, ઉદ્યોગભવન, વિધાનસભા, મહાત્મા મંદિર તેમજ સ્વર્ણિમપાર્ક સહીત મુખ્ય માર્ગો આસપાસના સરકારી બિલ્ડીંગોને પણ રોશનીથી શણગારવામાં આવશે. આ ઉપરાંત નગરના મુખ્ય 'ઘ' અને 'ચ' માર્ગ સહીતના રસ્તાઓ ઉપર પણ રોશનીની જગમગાટ જોવા મળશે. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન નગરમાં રાત્રી દરમિયાન પણ ઉત્સવનો માહોલ જોવા મળશે.




# કર્મચારીઓ સરકાર સામે બાંયો ચઢાવે છે

### સરકારે કર્મચારીઓની માંગણીઓ પૂર્ણ ન કરતા આખરે કર્મચારીઓ આંદોલનના માર્ગે

ગાંધીનગર, તા. ૯

ગુજરાત સરકારના વિવિધ વિભાગોમાં ફરજ બજાવતા કર્મચારીઓની લાંબા સમયથી પડતર માંગણીઓની અનેક રજુઆતો બાદ પણ ઉકેલ ન આવતા આખરે કર્મચારીઓ આંદોલનના માર્ગે વળ્યા છે. કર્મચારીઓના વિવિધ મંડળોની આજે યોજાયેલી બેઠકમાં આગામી દિવસોના આંદોલનાત્મક કાર્યક્રમો નક્કી કરવામાં આવ્યા છે. જેના ભાગરૂપે આગામી તા. ૩૦મી ડિસેમ્બરના રોજ પ્રતિક ધરણાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

ગુજરાત રાજ્ય કર્મચારી સંકલન સમિતિના પ્રવક્તા શ્રી આર.એ. પટેલ એક અખબારી યાદીમાં જણાવેલ છે કે સંકલન સમિતિ દ્વારા અગાઉ આંદોલનના કાર્યક્રમો જાહેર કરવામાં આવ્યા હતા પરંતુ સરકારશ્રીના હકારાત્મક વલણના કારણે આંદોલન મોકુફ રાખવામાં આવેલ હતા. ત્યાર બાદ સરકારના

● અનુસંધાન પાન-૭ પર

### ગાંધીનગરની અર્જુન એવોર્ડ વિજેતા પારૂલ પરમારને બિરદાવતા રાજ્યપાલશ્રી

ગાંધીનગર, તા. ૮

દક્ષિણ કોરિયામાં હાલમાં યોજાયેલ પેરા એસિયન ગેમ્સ-૨૦૧૪માં સિંગલ્સમાં સુવર્ણ



પદક અને મિક્સ ડબલમાં રજત પદક મેળવનાર ગાંધીનગરની કુમારી પારૂલ ડી. પરમારે આજે રાજભવન ખાતે ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

દેશ અને ગુજરાતનું ગૌરવ વધારનાર કુમારી પારૂલ ડી. પરમાર અર્જુન પુરસ્કાર-૨૦૦૯ થી પણ સન્માનિત કરાયેલ છે. રાજ્યપાલશ્રીએ કુમારી પારૂલ પરમારને મેળવેલી અનન્ય સિદ્ધિઓ માટે હાર્દિક અભિનંદન આપ્યા હતા અને આશા વ્યક્ત કરી હતી કે કુમારી પારૂલ ભવિષ્યમાં પણ આંતરરાષ્ટ્રીય કક્ષાએ જવલંત સિદ્ધિઓ હાંસલ કરતી રહેશે અને દેશ અને રાજ્યને ગૌરવાન્વિત કરશે.

પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. ઠાકોર સાહેબશ્રી સંગ્રામસિંહ નરવરસિંહ
સ્વ. તા. ૯/૧૨/૨૦૧૩

આપનો માયાળુ સ્વભાવ, ધર્મનિષ્ઠ, કર્મનિષ્ઠ, પરોપકારી સમભાવના, આપની કુટુંબ પ્રત્યેની અપાર વાત્સલ્યતા, ગુણોની સુવાસ એવી પથરાવી કે, આપવું એ જ આપનો જીવનમંત્ર હતો. આપનું સ્થાન અમારા જીવનમાં દેવમૂર્તિની જગ્યા જેવું પવિત્ર છે. આપના દિવ્ય આત્માને પરમકૃપાળુ પરમાત્મા ચિર શાંતિ આપે એ જ પ્રાર્થના

લિ.
વડાગામ ગ્રામ પંચાયત
તથા ગ્રામજનો

SANGHI CEMENT | KisaN | ashirvad C. PVC, UPVC | VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૫૯૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com